# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

1. **'ખેડૂતોના લાંબા સમયથી બાકી પ્રશ્નોનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નિર્દેશ.**
2. **રાજ્ય વિધાનસભામાં ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો, 2025 પસાર.**
3. **છેલ્લા એક મહિનામાં સાસણગીર આવતા પ્રવાસીઓની સંખ્યામાં 18 ટકાનો ઉછાળો.**
4. **આગામી બે દિવસ રાજ્યમાં ગરમીથી આંશિક રાહત મળવાની હવામાન વિભાગની આગાહી.**
5. **ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ 2025માં 59 ચંદ્રકો સાથે ગુજરાત છઠ્ઠા ક્રમે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SWAGAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સ્વાગત' કાર્યક્રમમાં રજૂ થતાં ખેડૂતોના પ્રશ્નો તથા લાંબા સમયથી બાકી પ્રશ્નોનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ માટે નિર્દેશ આપ્યાં છે. શ્રી પટેલે ગઇકાલે ગાંધીનગરમાં રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વિવિધ રજૂઆતો સાંભળી હતી.

તેમણે જણાવ્યું , લોકોમાં જાગૃતિ વધતાં વ્યક્તિગતની સાથે જાહેરહિતને લગતા પ્રશ્નો પણ સ્વાગતમાં આવતા થયા છે. શ્રી પટેલે રાજ્ય સ્વાગતમાં મળેલી 131 રજૂઆતો સંદર્ભે સંબંધિત કક્ષાએ નિવારણ માટે માર્ગદર્શન-સૂચનાઓ આપી હતી.

---

# WORLD THEATERE DAY CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે , બેટી બચાવો, બેટી પઢાવો" જેવા જનજાગૃતિ અભિયાનમાં શેરી નાટકો દ્વારા રંગભૂમિના કલાકારોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ગઈ કાલે વિશ્વ રંગભૂમિ દિવસ પ્રસંગે ગાંધીનગરમાં આયોજિત સ્નેહમિલન સમારોહમાં મુખ્યમંત્રીએ કલા , સંસ્કૃતિ, સાહિત્ય જેવી પ્રવૃત્તિઓ રાજ્ય આશ્રિત નહીં પરંતુ રાજ્ય પુરસ્કૃત રાખવાની રાજ્ય સરકારની નેમ દર્શાવી હતી.

ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી વિવિધ ક્ષેત્રના આશરે ચારસો જેટલા કલાકારો વિધાનસભા ગૃહમાં આમંત્રિત પ્રેક્ષકો તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિધાનસભાની કાર્યવાહી નિહાળી હતી.

રાજ્યના પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રી મુળુભાઇ બેરાએ સાંસ્કૃતિક ક્ષેત્રમાં રાજ્ય સરકારની કામગીરીની માહિતી આપી હતી.

વિશ્વ રંગભૂમિ દિવસ પ્રસંગે અમદાવાદમાં યોજાયેલા અન્ય એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ ગુજરાતી રંગમંચના ૧૧ કલાકારોને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, કલાકારોએ સ્વચ્છ ભારત અભિયાન, કેચ ધ રેઈન તેમજ એક પેડ માં કે નામ જેવી સરકારની પહેલને સહયોગ આપવો જોઇએ.

---

# STAMP DUTY BILL PASS

વિધાનસભામાં ગઈ કાલે ગુજરાત સ્ટેમ્પ સુધારા ખરડો 2025 પસાર કરા યો છે. ગૃહમાં ખરડો રજૂ કરતાં મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , કાયદાનું સરળીકરણ કરવા અને વહીવટમાં પારદર્શકતા વધારવા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958માં સુધારા કરાયા છે. ખરડા મુજબ , વડિલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરાતા હક્ક કમીના લેખ ઉપરની ડ્યૂટી 4.90 ટકાથી ઘટાડીને ફક્ત 200 રૂપિયાના સ્ટેમ્પ ઉપર થઈ શકશે.

જ્યારે ગીરો લેખ માટેની ડ્યૂટીમાં 80 ટકા ઘટાડો કરાતાં એક કરોડ રૂપિયા સુધીનું ધિરાણ મેળવવા 25 હજાર રૂપિયાની ડ્યૂટી ઘટાડીને વધુમાં વધુ પાંચ હજાર રૂપિયા કરવામાં આવી. તો મૉર્ગેજના લેખ પર ડ્યૂટી ભરપાઈ કરવાની બેન્કોની જવાબદારી નક્કી કરાતાં સામાન્ય વ્યક્તિને તેનો લાભ થશે. આ ઉપરાંત ગીરોમુક્તિ લેખ તથા ભાડાપટ્ટા લેખ માટે ઘરેબેઠાં ઇ-રજિસ્ટ્રેશન કરી શકાશે , લોકોએ સબ રજિસ્ટ્રાર કચેરી સુધી નહીં જવું પડે.

---

# GEER VISITORS

**છેલ્લા એક મહિનામાં સાસણગીર આવતા પ્રવાસીઓની સંખ્યામાં 18 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે.**

**સાંભળીએ એક અહેવાલ..**

## વોઇસ કાસ્ટ: મયુર સોલંકી

***માર્ચના પ્રથમ સપ્તાહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ સાસણગીરમાં પ્રવાસીઓની સંખ્યા માત્ર 20 દિવસમાં વધીને 59 હજાર થઈ છે , જે પ્રવાસીઓની સંખ્યામાં 18.8 ટકાનો વધારો દર્શાવે છે. તો બીજી તરફ બરડા સફારીની મુલાકાત લેનારા પ્રવાસીઓની સંખ્યા પણ બમણી થઈ છે. ફેબ્રુઆરી મહિનામાં 108 પ્રવાસીઓ બરડા સફારીની મુલાકાતે આવ્યા હતા. જેમાં વધારો નોંધાતા માર્ચ મહિનામાં 215 પ્રવાસીઓએ બરડા સફારીની મુલાકાત લીધી છે.***

## મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# AMBAJI TEMPLE TIME

**ચૈત્રી નવરાત્રિને ધ્યાનમાં રાખી યાત્રાધામ શ્રી આરાસુરી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. 30 માર્ચે ચૈત્ર સુદ એકમના દિવસે સવારે સવા નવ વાગ્યે ઘટસ્થાપન કરાશે , જેમાં સવારે સાતથી સાડા સાત વાગ્યા સુધી આરતી કરાશે. ભક્તો સાડા સાત વાગ્યાથી સાડા 11 સુધી દર્શન કરી શકશે.**

ત્યારબાદ બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ ધરાવાશે. ભક્તો સાડા 12 વાગ્યાથી સાડા ચાર વાગ્યા સુધી દર્શન કરી શકશે. ત્યારબાદ ભક્તો સાંજે સાતથી સાડા સાત વાગ્યા સુધી આરતી અને સાડા સાતથી નવ વાગ્યા સુધી દર્શનનો લ્હાવો લઈ શકશે તેમ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

---

# SOMNATH FAKE WEBSITE

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે દર્શને આવતા ભક્તોને સતર્કતાથી ઑનલાઈન વ્યવહાર કરવા અપીલ કરવામાં આવી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી ભક્તોને જણાવાયું છે કે , ટ્રસ્ટની સત્તાવાર વૅબસાઈટ SOMNATH.ORG સિવાય કોઈ પણ માધ્યમથી ઑનલાઈન પૅમેન્ટ જમા ન કરાવવું.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ક્યારેય ટૅલિફોન , ક્યૂઆર કૉડ અને UPIથી પૅમેન્ટ માગવામાં નથી આવતું તેમ શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મૅનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

**(બાઈટઃ વિજયસિંહ ચાવડા)**

---

# NARMADA PARIKRAMA

આવતીકાલથી શરૂ થતી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાને લઈ જિલ્લા પોલીસ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વખતે પરિક્રમા માર્ગ પર કોઈ પ્રકારનો ટ્રાફિક ચાલુ રાખવામાં નહીં આવે. તેમ જ રામપુરા ખાતે આવતા ટ્રાફિકને અન્ય સ્થળે ખસેડવામાં આવશે તેમ જિલ્લા પોલીસ વડા પ્રકાશ સુંબેએ જણાવ્યું હતું.

**(બાઈટઃ પ્રકાશ સુંબે, જિલ્લા પોલીસ વડા, નર્મદા)**

---

# PM MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મગાવ્યા છે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો.**

**લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી , નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય- G.O.V. ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.**

---

# WAVE INDIA

વેવ ઇન્ડિયા પરિષદના ભાગરૂપે દેશભરમાં યોજાઇ રહેલી વેવ એનીમે એન્ડ માંગા કોન્ટેસ્ટની રાજ્યકક્ષાની સ્પર્ધા ગઈકાલે ગાંધીનગરના કર્ણાવતી યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં એનીમે , માંગા અને વેબટુન એમ ત્રણ અલગ અલગ વિભાગોમાં વિદ્યાર્થી અને વ્યવસાયિકોની શ્રેણીમાં વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યા. વિજેતા સ્પર્ધકોની અંતિમ સ્પર્ધા મુંબઈમાં વેવ પરિષદના ભાગરૂપે યોજાશે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય અને કર્ણાવતી યુનિવર્સિટીના સહયોગથી મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા ( MEAI) દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી 206 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

---

# WEATHER

આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ગરમીથી આંશિક રાહત મળશે , હવામાન વિભાગે જણાવ્યું છે કે , છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસના જણાવ્યા અનુસાર 29 માર્ચ બાદ ફરી એક વખત તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં 38.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે અમદાવાદનું મહત્તમ તાપમાન 38.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધી જયદીપ પંડ્યા જણાવે છે કે , હવામાન વિભાગે રાજકોટ જિલ્લામાં આગામી ચાર દિવસ હવામાન સુકું , ગરમ અને અંશતઃથી મધ્યમ વાદળછાયું રહેવાની આગાહી વ્યક્ત કરાઈ છે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન ૩૭થી ૪૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

---

# KHELO INDIA PERA GAMES

ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ 2025માં કુલ 59 ચંદ્રકો સાથે ગુજરાત છઠ્ઠા ક્રમે રહ્યું છે. ગઈ કાલે દિલ્હીમાં પૂર્ણ થયેલી આ સ્પર્ધામાં ગુજરાતના ખેલાડીઓએ 12 સુવર્ણ, 24 રજત અને 23 કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે.

ટેબલ ટેનિસમાં રાજ્યનાં ખેલાડીઓએ ચાર સુવર્ણ , 5 રજત અને 12 કાંસ્ય સહિત 21 ચંદ્રક જીત્યા છે. જેમાં ચેઝદી અસ્પી ભામગરા અને ભાવિકા કુકડિયાએ સુવર્ણ ચંદ્રક જીત્યો જ્યારે વિકાસ ઠાકુર અને જામાની નૂરજહાંએ વિવિધ કેટેગરીમાં રજત ચંદ્રક જીત્યો હતો. ભાવનગરના અલ્પેશ સુતરીયાએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

---

# RAJKOT TRAIN CANCELLED

રાજકોટ ડિવિઝનના વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શનમાં લીલાપુર રોડ-કેસરિયા રોડ સ્ટેશનો વચ્ચે કાર્ય ચાલી રહ્યું હોવાથી આજની વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ અને 30 માર્ચનાં રોજ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે.

આ ઉપરાંત, કેટલીક ટ્રેનો આંશિક રીતે રદ કરવામાં આવી છે. ટ્રેનના સમય અંગે વિગતવાર માહિતી માટે , મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.